Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

॥ શ્રી ઉમિયાય નમઃ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✻ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✻

March 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૪ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૩/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

**રંગોત્સવ અને ગ્રીષ્મના વધામણાં**

વિશ્વની અજાયબિ સમ મહાકુંભ અને ભારતીય સંસ્કૃતિના મહોત્સવની પૂર્ણાહુતી હાલમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ મૌની અમાવસ્યાના અમૃત સ્નાન સાથે થઈ.

૪૫ દિવસના આ વિશ્વની સંસ્કૃતિના ધરોહર સમાન અમૃત મહોત્સવ, સંગમના પાવન તટે ૧૪૪ વર્ષ બાદ આ વિશેષ સહયોગ પ્રાપ્ત થયો અને પૂર્ણ મહાકુંભનો આપણે લાભ મળ્યો.

એ દરમિયાન ધ્યાન, યોગ, ઉપાસના ને નાગા સાધુની તપસ્યાના દર્શન અને આમ જનતાના પાવન સ્નાન અને ધ્યાન દ્વારા પાવન થઈ.

આવો હવે આપણે કરીએ ફાગણના વધામણા...
પર્ણ ઓછાને ફુલ ઝાઝા, જોને લચી પડ્યો છે.
આ કેસુડો. આંખોથી જોવાય
પણ આંખમાં ના સમાય...
રંગ એવો પૂરી જાય આ કેસુડો એ રાતો
મદમાતો ને રંગે રમી જાય આ કેસુડો...
ડાળેથી તોડયો જરા એ ફુલ
હ્રદયે વસી જાય આ કેસુડો.

રંગોત્સવના મહિના ફાગણના ઝાઝા ઝાઝા વધામણા.....

હવે રંગપંચમી ની મોજ માણતાં માણતાં આવી જશે ચૈત્ર નવરાત્રીની ભક્તિ, તપસ્યા અને ઉપાસના સાથે દુર્ગાષ્ટમી અને રામનવમીની હાર્દિક ઓવારણામાં. વાલજી સંત શ્રી ઓધવરામજીની જયંતી નિમિતે સદગુરૂ શ્રી લાલ રામજીને વંદન સહ અને વિદ્યાર્થીઓની પરીક્ષાની જેમ જીવનની પરીક્ષા સદાય આપવા તત્પર રહી અને ગ્રીષ્મના વાયરા વધાવા ધરતીને વૃક્ષોના જતન સાથે નવ પલ્લવીત કરવા કટીબદ્ધ થઈએ એજ અભિલાષા.

વિશ્વના મહિલા દિન નિમિતે મહિલા જગતને માતૃભાવનાને અનુરૂપ બાળ સંસ્કાર કેન્દ્રોનો વ્યાપ સ્તિારણા હાર્દિક અનુરોધ સહ હાર્દિક શુભકામનાઓ.

સૌને રંગોત્સવની હાર્દિક શુભકામના.

સૌ એક થઈએ નેક થઈએ ને સમાજને સુદ્રઢ બનાવીએ એજ અભ્યર્થના....

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી**
**અશોક વાલજી અમૃતીયા સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈ ✻ વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ની મુદત માટે નવી કારોબારી સમિતિની રચનાનો અહેવાલ

ઉપરોક્ત મંડળની વર્તમાન કારોબારીની મુદત પૂર્ણ થતી હોય તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૭ની મુદત માટે નવી કારોબારી સમિતિની રચના કરવા નીચે મુજબ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

તા. ૧૫-૦૨-૨૦૨૫ના રોજ ચુંટણીપંચ, ઉમેદવારોની સયુક્ત મીટીંગ બપોરે ૩.૦૦ કલાકે પાટીદાર વાડી-ઘાટકોપર ખાતે મળેલ હતી.

સૌ પ્રથમ યુવા મંડળના સહમંત્રી હરેશભાઈ સાંખલા એ વર્તમાન પ્રમુખ તેમજ ચુંટણી પંચના સભ્યોને મંચ પર સ્થાનગ્રહણ કરાવેલ હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા ઉમિયા માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી મીટીંગની શરૂવાત કરેલ હતી.

સહમંત્રી હરેશભાઈ સાંખલાએ આગળનો દોર ચુંટણી પંચને સોંપેલ હતો, ચુંટણી પંચ વતીથી જીજ્ઞેશ ઉકાણીએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરેલ હતું.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈની વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ની મુદત માટે નવી કારોબારી સમિતિની રચના કરવા ચુંટણી પંચ વતીથી પાટીદાર પ્રગતિના જાન્યુઆરી ૨૦૨૫ના અંકમાં જાહેરાત આપવામાં આવેલ હતી.

ચુંટણી પંચ પાસે કુલ ૭ ઝોન માંથી ટોટલ ૧૮૩ ઉમેદવારોની અરજી ઓનલાઈન આવેલ છે, ચુંટણી પંચ દ્વારા આવેલ સર્વે અરજીની ચકાસણી કર્યા બાદ સર્વે ઉમેદવારેની અરજીને મંજુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ ચુંટણી પંચ વતીથી જણાવેલ કે યુવા મંડળની કારોબારીમાં ૪૨ સભ્યો અને ૧ આઈપીપી એમ કુલ ૪૩ જણાની કારોબારી સંખ્યા હોય છે માટે જમણે પણ સ્વેચ્છાએ પોતાના ફોર્મ પાછા ખેચવા હોય તે ખેચી શકે છે.

હાજર રહેલ ઉમેદવારોમાંથી ૬૫ સભ્યોએ સ્વેચ્છાએ પોતાના ફોર્મ પાછા ખેચ્યા હતા.

ત્યારબાદ ચુંટણી પંચ વતીથી ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૭ની મુદત માટે નવી કારોબારીના નામની જાહેરાત કરવામાં આવેલ હતી. જેના નામ નીચે પ્રમાણે છે.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (મુંબઈ) ફાઈનલ કારોબારી લીસ્ટ ૨૦૨૫-૨૦૨૭**

| નં | ઝોન | નામ | સીટી | મુળવતન |
|---|---|---|---|---|
| ૧ | ઝોન ૧ | કાર્તિક શાંતીલાલ સેંઘાણી | ચેમ્બુર | ગઢશીસા |
| ૨ | ઝોન ૧ | રાહુલ વિશનજી પારસીયા | ચેમ્બુર | ભેરૈયા |
| ૩ | ઝોન ૧ | ભાવેશ પ્રેમચંદ પોકાર | ઘાટકોપર | લુડવા |
| ૪ | ઝોન ૧ | ગોવિંદ નરોત્તમ ધોળુ | ઘાટકોપર | દુર્ગાપુર (નવાવાસ) |
| ૫ | ઝોન ૧ | હિરેન અર્જુન ચોધરી | ઘાટકોપર | દરસડી |
| ૬ | ઝોન ૧ | પંકજ વેલજી અમૃતીયા | ઘાટકોપર | કલ્યાણપર |
| ૭ | ઝોન ૧ | રીતેશ નરસીંહ સેંઘાણી | ઘાટકોપર | દરશડી |
| ૮ | ઝોન ૧ | રોહીત મણીલાલ ધોળુ | ઘાટકોપર | લુડવા |
| ૯ | ઝોન ૧ | સત્યેન મોહનલાલ વેલાણી | ઘાટકોપર | લુડવા |
| ૧૦ | ઝોન ૧ | વિનય જેઠાલાલ છાભૈયા | ઘાટકોપર | રાજપર |
| ૧૧ | ઝોન ૧ | મમતા વિરલ પોકાર | ઘાટકોપર | લુડવા |
| ૧૨ | ઝોન ૨ | ભાવિક મગનલાલ રૂડાણી | મુલુંડ | કુરબઈ |
| ૧૩ | ઝોન ૨ | રીતેશ વેલજી રંગાણી | મુલુંડ | ગઢશીશા |
| ૧૪ | ઝોન ૨ | ભાવેશ પ્રેમજી સેંઘાણી | થાણે | રાજપર |
| ૧૫ | ઝોન ૨ | દેવાંગ જયંતીલાલ પોકાર | થાણે | આણંદસર (મંજલ) |
| ૧૬ | ઝોન ૨ | મૌલીક મોહનલાલ બાથાણી | થાણે | કોટડા (જડોદર) |
| ૧૭ | ઝોન ૨ | નીતેશ શામજી પારસીયા | થાણે | ભેરૈયા |
| ૧૮ | ઝોન ૨ | ક્રિષ્ના અનીલ લીંબાણી | થાણે | ઘડુલી |
| ૧૯ | ઝોન ૩ | રાજેશ પરષોત્તમ સેંઘાણી | ડોંબીવલી | મમાયમોરા |
| ૨૦ | ઝોન ૩ | સુનીલ વિશનજી સેંઘાણી | ડોંબીવલી | રાજપર |
| ૨૧ | ઝોન ૩ | તુષાર મનસુખ સેંઘાણી | ડોંબીવલી | ભીટારા |

અનુસંધાન પાના નં. ૪ પર...

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
# શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન
# આયોજિત ઉમિયાકપ ૨૦૨૫ ક્રિકેટ ટુર્નામેન્ટ

ઉમિયા કપ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન બદલાપુર યુવા મંડળના સહકારથી જગન્નાથ ક્રીડા સંકુલ બદલાપુર ખાતે તા. ૦૬-૦૨-૨૦૨૫ થી ૦૯-૦૨-૨૦૨૫ ચાર દિવસ કરવામાં આવેલ. ટુર્નામેન્ટમાં ટોટલ ૪૪ ટીમોએ ભાગ લીધો હતો જેમાં ૬૫૦ થી ઉપર ખેલાડીઓ ક્રિકેટ રમ્યા હતા. જેમાં ૩૦ મેન્સ, ૮ ટીમ વુમેન્સની અને ૬ ટીમ અંડર-૧૬ મેન્સ ટીમ હતી. તા. ૬-૨-૨૦૨૫ ને ગુરૂવારના સવારના સૂર્યનારાયણના ઉગતા સુનેરી કિરણોની સાથે વડીલો હોદ્દેદારો અને દાતાશ્રીઓના વરદ હસ્તે માં ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ચરણોમાં નમન કરીને દીપ પ્રાગટ્ય કરી ઉમિયા કપ ૨૦૨૫ની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ચાર દિવસના પ્રોગ્રામમાં દરેક ખેલાડીઓ સરસ મજાની ક્રિકેટ રમીને પ્રેક્ષકોને મનોરંજન પૂરું પાડયું. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા રોજ સારી એવી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ પણ હાજર રહ્યા હતા.

તા. ૯-૨-૨૦૨૫ ને રવિવારના સમાપન સમારંભમાં યુવા સંઘના સેન્ટ્રલ પ્રેસિડન્ટ : પંકજભાઈ પારસિયા, મિશન ચેરમેન : જગદીશભાઈ લંબાણી, આઈ.પી.પી. હિતેશભાઈ રામજીયાણી મુંબઈ રિજીયનના આમંત્રણને માન આપી પ્રોગ્રામમાં સહભાગી થયા હતા અને જેમાં યુવાસંઘ સેન્ટ્રલના પ્રમુખ પંકજભાઈ પારસિયાએ યુવાસંઘનો આગામી પ્રોગ્રામ મે મહિનામાં જે ગાંધીનગર ખાતે થવા જઈ રહ્યો છે તે બાબત માહિતી આપી અને એ કાર્યક્રમમાં સહભાગી થવા માટે આમંત્રણ આપ્યું હતું અને સાથે સાથે મુંબઈ રિજીયનના કાર્યક્રમને પણ બિરદાવેલ.

મહામંત્રી હિરેનભાઈ લીંબાણી અને સહમંત્રી હરેશભાઈ શાંખલા એ સર્વે સભ્યોનું સ્વાગત કરીને દસ વર્ષના દાતાશ્રીઓને સન્માન કરી અને મંચ ઉપર સ્થાનગ્રહણ કરાવેલ અને આ કાર્યક્રમ યુટ્યુબ પ્રસારણ દ્વારા ભારત ભરમાં લાખો લોકોએ મેચને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નિહાળી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર ભોજન સમિતિ, પાણી સમિતિ, ક્રિકેટ નિયંત્રણ સમિતિ તેમજ બદલાપુર યુવા મંડળને મુંબઈ રિજીયનના પ્રમુખશ્રી અશોકભાઈ સેંઘાણી, આઈ.પી.પી હસમુખભાઈ રામજીયાણી તેમજ મિશન ચેરમેન નિતેશ ભાઈ ભાવાણીના હસ્તે સર્વે સમિતિને સન્માનિત કરેલ આમ ચાર દિવસ સવાર બપોર અને રાત્રી ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. સર્વે ટીમના ખેલાડીઓ એ ડે-નાઈટ ટુર્નામેન્ટની મોજ માણી હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન માઈક સંચાલન મહામંત્રી : હિરેનભાઈ લીંબાણી અને સહમંત્રી : હરેશભાઈ શાંખલા એ કરેલ.

## દાતાઓ અને વિજેતા થનાર ખેલાડીઓની નામાવલી નીચે મુજબ છે.
## ઉમિયા કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩ થી ૧૦ વર્ષના દાતાશ્રીઓ

| ક્રમ | કેટેગરી | દતાનું નામ | હસ્તે | વિજેતાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | વિનર્સ કપ | RRC Ventures Pvt. Ltd. | હસ્તે શ્રી રવજી રામજી ચોપડા રમેશ રવજી ચોપડા,રાજેશ રવજી ચોપડા | પીચ રોકર્સ ઘાટકોપર |
| ૨ | રનર્સ કપ | માતુશ્રી સાવિત્રીબમેન પુંજાભાઈ શીરવી | હસ્તે કપિલ શીરવી, રાજેશ શીરવી, જનક શીવરવી | લક્ષ્મીનારાયણ XI ભિવંડી |
| ૩ | મેન ઓફ ધ સીરીઝ | માતુશ્રી સાવિત્રીબેન પુંજાભાઈ શીરવી | હસ્તે કપિલ શીરવી, રાજેશ શીરવી, જનક શીરવી | વેદાંશ વિનોદ ધોળું ઘાટકોપર |
| ૪ | બેસ્ટ બેટર | શ્રી પચાણ રતનશી ચોપડા | હસ્તે હરેશભાઈ ચોપડા | વેદાંશ વિનોદ ધોળું ઘાટકોપર |
| ૫ | બેસ્ટ બોલર | કે. એન. પોકાર એન્ડ કું. | હસ્તે જેન્તી પોકાર, કિરણ પોકાર, ભાવિન પોકાર, રોહન પોકાર, વત્સલ પોકાર | ધવલ રસિક લીંબાણી ખારઘર |
| ૬ | બેસ્ટ ફિલ્ડર | શ્રીમતી જવેરબેન મોહન રામજીયાણી | હસ્તે અરૂણ રામજીયાણી, હરેશ રામજીયાણી | પ્રતીક કાંતિલાલ દીવાણી ભીવંડી |
| ૭ | મેન ઓફ ધ મેચ ફાઈનલ | શ્રી શાંતિલાલ લાલજી ધોળુ | હસ્તે નવનીતભાઈ ધોળુ, કિરણભાઈ ધોળુ | વેદાંશ વિનોદ ધોળુ ઘાટકોપર |
| ૮ | મેન ઓફ ધ મેચ સેમી. ફા. ૧ | મૈત્રી ગ્રુપ | હસ્તે મહેશ રતનશી સેંઘાણી, ભાવેશ પ્રેમજી સેંઘાણી, પ્રકાશ ગોપાલ રંગાણી, ઈન્વર રામજી ધોળુ | દેવાંગ પોકર ભિવંડી |
| ૯ | મેન ઓફ ધ મેચ સેમી.ફા. ૨ | સેંઘાણી ક્રિએટર્સ પ્રાઈવેટ લિમિટેડ | હસ્તે હિમત ગોપાલ સેંઘાણી | વેદાંત વિનોદ ધોળું ઘાટકોપર |
| ૧૦ | ટોસ | માતેશ્વરી ગ્રુપ | હસ્તે હીરાલાલ શામજી અમૃતિયા | |
| ૧૧ | ગ્રાઉન્ડ | માતુશ્રી કાંતાબેન કેશરા રામજીયાણી પરિવાર | હસ્તે રવિલાલભાઈ રામજીયાણી, રતિલાલભાઈ રામજીયાણી, હરિભાઈ રામજીયાણી, હીરાલાલભાઈ રામજીયાણી | |
| ૧૨ | મંડપ | યુનિકોન એન્ટરપ્રાઈઝેસ | હસ્તે શ્રી અમૃત દામજી શાંખલા, શ્રીનાથ હર્ષનાથ શુકલા, જેનિસ અમૃત શાંખલા, જીનેશ અમૃત શાંખલા | |
| ૧૩ | બોલ અને સ્ટંપ | શ્રી અરવિંદ ભગવાનજી રામજીયાણી, શ્રી અશ્વિન ભગવાનજી રામજીયાણી | | |
| ૧૪ | અમ્પાયર | શ્રી હંસરાજ અરજણ વાસાણી, શ્રી દેવશી અરજણ વાસાણી | હસ્તે રમેશ વાસાણી, દિલીપ વાસાણી, હિતેન વાસાણી, ભાવિન વાસાણી | |
| ૧૫ | ભોજન | સ્વ. શ્રી જીવરાજ દેવશી રામાણી | હસ્તે મહેન્દ્રભાઈ, નવીનભાઈ, જેન્તીભાઈ | |
| ૧૬ | પાણી | માતુશ્રી પ્રેમીલાબેન કરસન રંગાણી | હસ્તે હરેશભાઈ, સતીષભાઈ, નરેન્દ્રભાઈ, રમેશભાઈ | |
| ૧૭ | મેન ઓફ ધ મેચ કવાટર ફા. ૧ | પોલાઈટ પૈંટસ | હસ્તે રમેશ નાનજી જાદવાણી | પ્રશાંત ડાયાલાલ દિવાણી ભીવંડી |
| ૧૮ | મેન ઓફ ધ મેચ ક્વાટર ફા. ૨ | યુનિક બીલ્ડવેલ | હસ્તે પરેશ માવાણી, પ્રિતેશ માવાણી, અશોક માવાણી | કપિલ ભીમજી નાકરાણી-સહાડ |
| ૧૯ | મેન ઓફ ધ મેચ કવાટર ફા. ૩ | શ્રી મણીલાલ લખમશી ધોળુ | હસ્તે જુગલ મણીલાલ ધોળુ, રાજેશ મણીલાલ ધોળું | દિવેન કીર્તિ માકાણી બદલાપુર |
| ૨૦ | મેન ઓફ ધ મેચ કવાટર ફા. ૪ | શ્રી છગનલાલ હીરજી ગોરાણી | હસ્તે અશોક ગોરાણી, દીલીપ ગોરાણી | વેદાંશ વિનોદ ધોળું ઘાટકોપર |
| ૨૧ | ફોટોગ્રાફી | શ્રી શાંતીલાલ શીવજી ભીમાણી, શ્રી શાંતીલાલ કાનજી ભગત, માતુશ્રી કુંવરબેન શામજી સેંઘાણી | | |
| ૧ | વુમન વિનર્સ કપ | કલ્યશી સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ | હસ્તે વાલજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા, મગનભાઈ છાભૈયા, અશ્વિનભાઈ છાભૈયા | જય માતાજી ડોંબીવલી |
| ૨ | વુમન રનર્સ કપ | કલ્યાણ સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ | હસ્તે વાલજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા, મગનભાઈ છાભૈયા,અશ્વિનભાઈ છાભૈયા | જય માતાદી બદલાપુર |
| ૩ | વુમન ઓફ ધ મેચ ફાઈનલ | કલ્યાણ સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ | હસ્તે વાલજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા, મગનભાઈ છાભૈયા, અશ્વિનભાઈ છાભૈયા | ભૂમિ સુરેશ લીંબાણી ડોંબીવલી |
| ૪ | અન્ડર ૧૬ વિનર્સ કપ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડૉ. ધીરજભાઈ લીંબાણી, મગનભાઈ લીંબાણી, સીએ ભવાનભાઈ લીંબાણી | મા શક્તિ બોયસ બદલાપુર |
| ૫ | અન્ડર ૧૬ રનર્સ કપ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડૉ. ધીરજભાઈ લીંબાણી,મગનભાઈ લીંબાણી, સીએ ભવાનભાઈ લીંબાણી | ભીવંડી બોયસ ભિવંડી |
| ૬ | અન્ડર ૧૬ મેન ઓફ ધ મેચ ફાઈનલ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડૉ. ધીરજભાઈ લીંબાણી,મગનભાઈ લીંબાણી, સીએ ભવાનભાઈ લીંબાણી | ઉમંગ કિશોર ચોપડા બદલાપુર |
| ૭ | યુટ્યુબ લાઈવ | Vox cellings walls floors Mavjibhai Dhanjibhai Jabuani | હસ્તે કેતન માવજી જબુઆણી, હસ્તે કલ્પેશ માવજી જબુઆણી | |

**લી. શ્રી ક.ક.પા.સ.યુવા મંડળ મુંબઈ. / શ્રી અ.ભા.ક.પા. યુવાસંઘ મુંબઈ રિજીયન**

**પ્રમુખ : શ્રી અશોકભાઈ વિશનજી સેંઘાણી - મહામંત્રી : શ્રી હિરેન ભવાન લીંબાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર ચુંટણી પંચ
## કારોબારી વર્ષ ૨૦૨૫ - ૨૦૨૭ કારોબારીની જાહેરાત

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરના આગામી કાર્યકાળ ૨૦૨૫-૨૦૨૭ માટે કુલ ૫૩ ઉમેદવારોએ ફોર્મ ભરેલ હતા આ બધા ઉમેદવારો સાથે ચૂંટણી પંચની સંયુકત બેઠક તા. ૨૩-૦૨-૨૦૫ના રવિવારે ૪.૦૦ કલાકે ઘાટકોપર પાટીદાર વાડીમાં યુવા મંડળની ઓફિસમાં રાખવામાં આવેલ હતી જેમાં કુલ ૫૨ ઉમેદવારો હાજર રહ્યા હતા અને તેમાંથી ૩૫ ઉમેદવારોએ સ્વૈચ્છિક રાજીનામાં આપેલ હતા અને ૧૭ ઉમેદવારોએ મળીને પ્રમુખ તરીકે મયુર તુલસીદાસ સેંઘાણીનું નામ ચુંટણી પંચને આપેલ હતું. નવી વરાયેલ કારોબારીની યાદી નીચે મુજબ છે.

મયુર તુલસીદાસ સેંઘાણી-પ્રમુખ, પંકજ વાલજી અમૃતિયા-આઈ.પી.પી, દર્શના દિપક રામજીયાણી, પારસીયા હેનાલી પુનીત, અજય ધનજી દડગા, આકાશ નરેન્દ્ર રામજીયશરી, અરૂણ મોહનલાલ રામજીયાણી, ધર્મેન્દ્ર જયંતીલાલ દડગા, જીત રમેશ ચૌધરી, કાર્તિક શાંતિલાલ સેંઘાણી, મિતેષ મહેન્દ્ર સેંઘાણી, પુજન વિજય સેંઘાણી, પુનિત જયંતીલાલ સેંઘાણી, રોહિત મણિલાલ ધોળુ, ઋષભ લલિત નાકરાણી, ઉમંગ રાજેન્દ્ર પોકાર, વિનય વિજય સાંખલા

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર ચૂંટણી પંચ**

**અધ્યક્ષ : પ્રદીપ પરસોત્તમ વેલાણી**

**સભ્ય : અશોક વાલજી અમૃતિયા**

**સભ્ય : અશોક કરસન પોકાર**

**સભ્ય : વિનય જેઠાલાલ છાભૈયા**

**સભ્ય : નીલેશ કાંતિલાલ માવાણી**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપર આયોજીત વામા કસ્તુરી ૨૦૨૫ નો અહેવાલ

આપણી જ્ઞાતિની મહિલાઓને વ્યવસાયિક ધોરણે પ્રોત્સાહિત કરવાના પ્રયાસ રૂપે ઘાટકોપર મહિલા મંડળ દ્વારા શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈના સહયોગથી તારીખ ૧લી માર્ચ, ૨૦૨૫ શનિવારના રોજ વામા કસ્તુરી સીઝન-૭નું આયોજન પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે કરવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ દીપ પ્રાગટ્યના દાતા શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ઝોન-૧ના દરેક ટ્રસ્ટીઓ વતી શ્રી પ્રકાશ માવાણી તેમજ વિવિધ સંસ્થાના અન્ય હોદેદારો દ્વારા કુળદેવી ઉમિયા માં સમીપ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ઈનોગ્રેશનના દાતા એવા શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વતીથી પ્રમુખ શ્રી રમેશભાઈ વાસાણી દ્વારા ઈનોગ્રેશન કરી વામા કસ્તુરી ટ્રેડ ફેર સર્વ માટે ખુલ્લો મુકવામાં આવ્યો. દીપ પ્રાગટ્ય તેમજ ઓપનીંગ સેરેમનીમાં ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન રામજીયાણી, મુંબઈ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, ઘાટકોપર યુવક મંડળના પ્રમુખ શ્રી પંકજ અમૃતિયા, ઘાટકોપર સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટ ફંડ મુંબઈના ટ્રસ્ટીઓ અને મુંબઈ યુવક મંડળના પ્રમુખ શ્રી અશોક સેંઘાણી એ સાથ આપ્યો હતો. વામા કસ્તુરીમાં વિવિધ પ્રકારના કુલ ૫૧ સ્ટોલનું બુકીંગ મળેલ હતું. આ ટ્રેડ ફેરમાં સમગ્ર મુંબઈ માંથી આપણી જ્ઞાતિ તેમજ અન્ય એક મુલ મળીને બહોળી સંખ્યામાં વિઝીટર્સ આવ્યા હતા. જે વામા કસ્તુરીની સફળતા પુરવાર કરે છે. ટ્રેડ ફેરમાં દર એક કલાકે વિઝીટર્સ માટે લક્કી ડ્રો કાઢવામાં આવતો હતો અને તેમને ગિફ્ટ આપવામાં આવતી હતી. આજુબાજુના વિસ્તારની મહિલા કોર્પોરેટરઓ તેમજ સોશિયલ મીડિયાના ઈન્ફ્લુએન્સર્સ એ પોતે હાજરી આપી અને મહિલાઓને વ્યવસાયિક ધોરણે પ્રોત્સાહિત કરતી ઘાટકોપર મહિલા મંડળની આ પ્રવૃત્તિને ખુબજ બિરદાવી હતી. ઘાટકોપર મહિલા મંડળ દ્વારા સ્ટોલ ધારકોને પ્રોત્સાહિત કરવા નીચે પ્રમાણેના ઈનામ આપવામાં આવ્યા.

**બેસ્ટ સ્ટોલ : ૧લું પ્રાઈઝ** **શ્રીમતી કમળાબેન ઉકાણી**

**૨જુ પ્રાઈઝ** **શ્રીમતી કુંજન પોકાર અને રજની પટેલ**

**સ્ટોલ લક્કી ડ્રો વિજેતા** **શ્રીમતી મીનાબેન પોકાર**

આ આયોજનને સફળ બનાવવા પાછળ દાતાઓનો ખુબજ સહયોગ મળેલ હતો. સર્વે દાતાઓને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા અને સર્વે દાતાઓનો હૃદય પૂર્વક આભાર માન્યો.

**દાતાઓની સુચી :-**

૧) દીપ પ્રાગટ્ય - શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ઝોન-૧ ના સર્વે ટ્રસ્ટી ગણ.

૨) ઈનોગ્રેશન - શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ.

૩) મેન ગેટ બેનર - શ્રી મહાવીર જ્વેલર્સ

૪) ચાયના દાતા - સ્વ. શાંતાબેન લાલજીભાઈ છાભૈયા પરિવાર.

૫) પાણીના દાતા - સ્વ. વનીતાબેન કાનજીભાઈ પારસીયા પરિવાર.

૬) ચોકલેટના દાતા - ગં. સ્વ. લક્ષ્મીબેન મોહનભાઈ ડાયાણી.

મુંબઈ મહિલા મંડળના સહયોગથી જ સમગ્ર મુંબઈની મહિલાઓને સ્ટોલ બુક કરવાનો લાભ મળેલ હતો તે બદલ તેમનો આભાર. આ સમગ્ર આયોજન માટે વાડી ફાળવવા બદલ ટ્રસ્ટ ફંડ મુંબઈનો ખુબ ખુબ આભાર. આપણી જ્ઞાતિની મહિલાઓને પ્રોત્સાહિત કરવા દુર દુર પરા વિસ્તારથી પધારેલ સર્વે વિઝીટર્સનો પણ ખુબ ખુબ આભાર.

**લી. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપર**

**પ્રમુખ : શ્રીમતી કુસુમ જય રામજીયાણી**

**મહામંત્રી - શ્રીમતી મનીષા રાજેશ વેલાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ


OJAS™ SMART MOVE, SMART LIFE

### બાળકોમાં એકાગ્રતા અને યાદશક્તિ વધારવા માટેનો ઉપાય

- આજની આધુનિક જીવનશૈલીમાં વપરાતા ઉપકરણો (મોબાઈલ,લેપટોપ) ને કારણે અને અતિચંચળ સ્વભાવને કારણે બાળકો ભણવામાં એકાગ્રતા નથી લાવી શકતા.
- ઘણા બાળકો એકાગ્રતાથી ભણે છે પણ તેને યાદ નથી રહેતું.
- આ બે લક્ષણો જેનામાં હોય તેનો આપણા સુજોક માં સરળ અને સટીક ઉપાય છે જે નીચે મુજબ છે .




હાથ ના અંગૂઠા માં અખરોટ તેમજ પહેલી આંગળી માં ઓરેંજ કલર કરી મઠ ના દાણા લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.
( Sp 3, Liv 1,Gv 11 )

**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે

- હે ગણેશ ગુરુ ,અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય પ્રાણ શક્તિ પરમવિદ્યા નો કરંટ (બાળકનું નામ )મસ્તિક ના અણુ એ અણુ તમામ કોષો માં તેમજ આજ્ઞાચક્ર, પિચ્યુટરી, પિનીયલ, મોડયુલા ગ્રંથિ માં એક્ટીવ થાવ (3)
- (બાળકનું નામ ) જ્ઞાનતંતુ અને ક્ષમતા માં વધારો થાવ (3)
- (બાળકનું નામ ) મન બુધ્ધિ ચિત્ત પ્રાણમય બનો (3)

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## વર્તમાન પત્રના માલિકીપણા અને અન્ય વિષયો સબંધિત વિગતો


| | |
|---|---|
| પ્રકાશન સ્થળ | : ઘાટકોપર મુંબઈ |
| પ્રકાશન પ્રકાર | : માસિક |
| મુદ્રકનું નામ | : છગન કાનજી પોકાર, શ્રી ક.ક.પા.જ્ઞા.ટ્રસ્ટ ફંડ મુંબઈ વતી |
| શું ભારતના નાગરિક છે? | : હા |
| સરનામું | : શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬. |
| પ્રકાશકનું નામ | : છગન કાનજી પોકાર, શ્રી.ક.ક.પા.જ્ઞા. ટ્રસ્ટ ફંડ (મુંબઈ) વતી. |
| શું ભારતના નાકરિગ છે? | : હા |
| સરનામું | : શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬. |
| માનદ્ તંત્રીનું નામ | : નારાયણ વિશ્રામ ભગત |
| શું ભારતના નાગરિક છે? | : હા |
| સરનામું | : ૨૦૨, પ્રિન્સ એર્પાટમેન્ટ, કરાણી લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |
| માસિક વર્તમાનપત્રના માલિક અને કુલ મુડીના એક ટકાથી વધુ ભાગીદાર કે હિસ્સેદાર હોય તે વ્યક્તિઓનાં નામ અને સરનામાં | સામાજીક સંસ્થા હોઈ લાગુ પડતું નથી |

હું છગન કાનજી પોકાર આ લેખીત જાહેરાતથી ઘોષણા કરૂં છું કે મારી શ્રેષ્ઠતમ જાણકારી અને દ્રઢવિશ્વાસ મુજબ ઉપરોક્ત વિગતો સાચી છે.

તા. ૩૧-૦૩-૨૦૨૫ પ્રકાશનની સહી : છગન કાનજી પોકાર

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - મુંબઈ.....**

પાના નં. ૧થી ચાલું...

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ઝોન ૩ | વિપુલ કાન્તીલાલ સેંઘાણી | ડોંબીવલી | દુર્ગાપુર (નવાવાસ) |
| ૨૩ | ઝોન ૩ | પૂનમ ભાવેશ સેંઘાણી | ડોંબીવલી | રાજપર |
| ૨૪ | ઝોન ૩ | હીરેન ભવાન લીંબાણી | અંધેરી | મથલ |
| ૨૫ | ઝોન ૪ | રોનક જયંતી છાભૈયા | બોરીવલી | દરશડી |
| ૨૬ | ઝોન ૩ | વૃતીક પરેશ રામાણી | બોરીવલી | જામથડા |
| ૨૭ | ઝોન ૪ | વૈશાલી રીતેશ છાભૈયા | દહીંસર | દરશડી |
| ૨૮ | ઝોન ૪ | કૃપાલી વિશાલ રંગાણી | બોરીવલી | ગઢશીસા |
| ૨૯ | ઝોન ૫ | વિશાલ જયંતીલાલ પોકાર | મીરારોડ | જીયાપર |
| ૩૦ | ઝોન ૫ | તુષાર હરીલાલ રંગાણી | નાલાસોપારા | ગઢશીસા |
| ૩૧ | ઝોન ૫ | જીતેન્દ્ર કરમશી પોકાર | વિરાર | વિરાણી નાની |
| ૩૨ | ઝોન ૫ | પાયલ વિશાલ પોકાર | મીરારોડ | જીયાપર |
| ૩૩ | ઝોન ૬ | જહાન કાન્તીલાલ સુરાણી (ભગત) | બદલાપુર | વિથોણ |
| ૩૪ | ઝોન ૬ | પ્રીતેશ ઈશ્વર લીંબાણી | બદલાપુર | દુર્ગાપુર (નવાવાસ) |
| ૩૫ | ઝોન ૬ | જનક તુલસીદાસ દિવાણી | ભીવંડી | ટોડીયા |
| ૩૬ | ઝોન ૬ | કપીલ ભીમજી નાકરાણી | શહાડ | વિથોણ |
| ૩૭ | ઝોન ૬ | નીતેશ બાબુભાઈ ભાવાણી | શહાડ | મથલ |
| ૩૮ | ઝોન ૬ | દેવી હર્ષ લીંબાણી | ભીવંડી | કોટડા (જડોદર) |
| ૩૯ | ઝોન ૭ | નરેન્દ્ર ગંગારામ માવાણી | કામોઠે | લક્ષ્મીપર (મંજલ) |
| ૪૦ | ઝોન ૭ | રાજેશ શામજી છાભૈયા | ખારઘર | રત્નાપર (મઉ) |
| ૪૧ | ઝોન ૭ | પંકજ લાલજી ભાવાણી | પનવેલ | મંથલ |
| ૪૨ | ઝોન ૭ | રશ્મી નરેન્દ્ર માવાણી | કામોઠે | લક્ષ્મીપર (મંજલ) |

યુવા મંડળની નવનિયુક્ત ૪૩ કારોબારી સભ્યોએ સાથે બેસી ચર્ચાવિચારણા કર્યા બાદ પ્રમુખપદ માટેનું નામ ચુંટણીપંચને જણાવેલ હતું. ચુંટણી પંચ વતીથી ચુંટણી પંચના કન્વીનર મનસુખભાઈ વાસાણીએ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈની વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ ની મુદત માટે પ્રમુખ તરીકે શ્રી વિનય જેઠાલાલ છાભૈયા ગામ-રાજપર હાલે - ઘાટકોપરની જાહેરાત કરેલ હતી.

ત્યારબાદ નવનિયુક્ત પ્રમુખનું ઉદ્‌બોધનમાં શ્રી વિનય જેઠાલાલ છાભૈયાએ સૌ પ્રથમ નવનિયુક્ત કારોબારી સભ્યોએ તેમને પ્રમુખ તરીકે નીમ્યા તે બદલ સર્વેનો આભાર માનેલ હતો તેમજ આગામી સમયમાં સર્વે સાથે મળીને કાર્ય કરીશું એમ જણાવેલ હતું.

ત્યારબાદ વર્તમાન પ્રમુખનું ઉદ્‌બોધન શ્રી અશોક વિશનજી સેંઘાણીએ સૌ પ્રથમ ચુંટણી પ્રક્રિયા પારદર્શક તેમજ નિષ્પક્ષ રીતે પાર પાડવા બદલ ચુંટણી પંચનો આભાર માનેલ હતો તેમજ તેમના કાર્યકાળ દરમિયાન સર્વે કારોબારી સભ્યો, જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ મહિલા મંડળ, સહયોગી મંડળો તેમજ વિવિધ સમિતિઓના સર્વે કાર્યકર્તાઓનો આભાર માનેલ હતો.

ચુંટણી પંચ વતીથી ચુંટણી પંચના કન્વીનર શ્રી મનસુખ શિવદાસ વાસાણીએ નવનિયુક્ત કારોબારી તેમજ નવનિયુક્ત પ્રમુખને અભિનંદન આપેલ હતા તેમજ વર્તમાન કારોબારીએ ચુંટણી પંચ તરીકેની જવાબદારી સોંપી તે બદલ આભાર માનેલ હતો તેમજ ભવિષ્યમાં યુવા મંડળના કાર્યો માટે અમે હંમેશા તન-મન અને ધનથી સેવા આપીશું એમ જણાવેલ હતું.

અંતમાં યુવા મંડળના સહ મંત્રી હરેશભાઈ સાંખલાએ આભાર વિધિ કરી રાષ્ટ્રગીત ગાઈ મીટીંગને પૂર્ણ કરેલ હતી.

**લી. ચુંટણી પંચ**

**૧. મનસુખ શિવદાસ વાસાણી** **૨. જીજ્ઞેશ રતિલાલ ઉકાણી**

**૩. શાંતિલાલ નારણ ભાવાણી** **૪. હિતેશ હિરાલાલ રામજીયાણી**

**૫. પ્રિતેશ નાનજી માવાણી**

## હોળી મહોત્સવ
## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સમાજ મુંબઈ આયોજીત



આપણી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પાટીદાર વાડી, ઘાટકોપર પાર્કિંગ ગ્રાઉન્ડમાં તા. ૧૩-૦૩-૨૦૨૫ ગુરૂવારના સાંજે ૬.૩૦ કલાકે હોલિકા દહન થશે. શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)ના સભ્યોને ભાવભર્યું આમંત્રણ છે.

**મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**પ્રમુખ : શ્રી રમેશભાઈ વાસાણી - મહામંત્રી : શ્રી પ્રફુલભાઈ નાકરાણી**

## કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ

કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત શ્રી રામ ભકત હનુમાન એટલે કે હનુમાન જયંતીના પાવન પર્વ પર રજત જયંતિ વર્ષની શંખલાના મણકા રૂપે.....

**એક કદમ.... સનાતન કી ઓર**

**"સુંદરકાંડ પઠન"**

સનાતન ભાવની નિશ્રામાં પ૨ પૂજનીય શ્રી ઓમ જી સ્વામીના પાવન સાનિધ્યમાં સંગીતમય સુંદરકાંડ પઠનનું આયોજન ડોંબીવલી પાટીદાર ભવનને આંગણે કરવા જઈ રહ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમમાં આપ સૌ સપરિવાર પધારશોજી.

**તારીખ : ૧૨-૦૪-૨૦૨૫, શનિવાર**
**સમય : બપોરે ૨.૩૦ થી ૬.૦૦ સુધી**
**સ્થળ : શ્રી કચ્છી કડવા પાટીદાર ભવન ડોંબીવલી**
**ભોજનની વ્યવસ્થા રાખેલ છે**

**પ્રમુખ : શ્રીમતી વર્ષાબેન નરેશ દીવાણી**

**મહામંત્રી શ્રીમતી પૂનમબેન નરેન્દ્ર રામજીયાણી**

## આયુર્વેદ ચિકિત્સા કેમ્પ
## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ આયોજીત
## ઘાટકોપર મહિલા મંડળ અને ઘાટકોપર યુવા મંડળ સહયોગી
## રેડ સ્વસ્તિક સોસાયટી સહયોગી

આપણી સમાજ દ્વારા તા. ૨૧/૨૨/૨૩ માર્ચ ૨૦૨૫ના શુક્રવાર / શનીવાર / રવીવાર એમ ત્રણ દિવસ આયુર્વેદ ચિકિત્સા કેમ્પ પાટીદાર વાડી ઘાટકોપર ખાતે ડૉ. મુલજી એલ. ભાલાણી નાડી વૈદ્ય પ્રાકૃતિક ચિકિત્સા, આયુર્વેદ અને કાયરો પ્રેકટીસ મસાજના નિષ્ણાતના નેજા હેઠલ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો સમય સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા અને બપોરના ૨.૦૦ થી રાત્રે ૮.૦૦ કલાક સુધી રહેશે.

મંગલ આરોગ્ય સાધના એ જીવનનું પ્રથમ સુખ છે. સ્વસ્થ રહેવા માટે નેચરોપથી યોગ અને વનઔસધીઓ માર્ગદર્શન અને સારવાર.

ઘૂંટણનો દુખાવો, પીઠનો દુખાવો, ગરદન અને ખભાનો દુખાવો, સાયટીક, ન્યુરલજીયા, લકવો, સ્નાયુઓમા દુખાઓ, આધાશીશી, ઉધરસ અને ખાંચી, અસ્થમાં, કફ, સોજો, અલ્સર, તાવ, ફ્લુ, થાઈરોડ, પથરી, ગેસ, એસીડીટી, ડાયાબિટીસ, કબજીયાત, એપેન્ડીસાઈટીસ, પાઈલ્શ, બ્લડપ્રેશર, પરતું ફુલવુ, અનિદ્રા, સોરાયસીસ સહિત ત્વચાના રોગની સારવાર કરવામાં આવશે.

**કેમ્પમાં ભાગ લેવા માટે નીચેના સભ્યો પાસે નામ નોંધાવવા.**

૧) મહેન્દ્રભાઈ સેંઘાણી ૯૩૨૨૨૩૩૫૨૭
૨) રાજેશ જબુવાણી ૯૮૬૭૭૭૪૫૨૨
૩) રૂપેશભાઈ સાંખલા ૯૮૧૯૭૮૫૯૫૫
૪) હેમલતાબેન પારસીયા ૯૮૯૨૯૫૭૫૧૩
૫) અશોક પોકાર ૯૩૨૧૨૧૯૮૧૩
૬) પ્રીત અમૃતિયા ૮૬૯૧૯૬૪૪૪૪

ઉપર જણાવેલ કેમ્પ નિશુલ્ક છે તો સૌને આનો લાભ લેવા વિનંતી.

નોંધ : જેને પણ દવામાં ફાકી અને તેલ માલિશની બોટલ આપવામાં આવશે તેની કિંમત ફક્ત રૂા. ૧૫૦/- હશે અને એલોવીરા મલમની બોટલના રૂા. ૧૨૦/- હશે જે લેવી ફરજીયાત નથી.

**પ્રમુખ : શ્રી રમેશભાઈ વાસાણી - મહામંત્રી : શ્રી પ્રફુલભાઈ નાકરાણી**

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Corporation Bank, Ghatkopar (West), Mumbai - 400 086.